

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*જેનેરિક દવાના સ્ટંટથી આરોગ્ય ચૂંથી નાખ્યું!*
*'પ્રવેશ' ને 'ફી' માયા જાળથી શિક્ષણ ગૂંથી નાખ્યું!*
*રૂંધી નાખ્યો વહીવટ 'આદેશો'ની ગૂંગળામળે -*
*શાંતિ અને ઐક્ય આખા ગુજરાતનું જૂથી નાખ્યું!!*
*('પારદર્શક' - ભૂલો)*

### હાઈકુ

*શસ્ત્રો નશામાં,*
*જગત ચકચૂર -*
*ભૂલ્યું છે ભાન...*

*તોપ નાળચે*
*બાંધી છે વિશ્વશાંતિ -*
*ફફડે વિશ્વ...*

### ચિંતન

*પહિ તન કર ફળ વિષય ન ભાઈ । સ્વર્ગહુ સકલ્પ અન્તદુઃખ દાઈ ॥*
*નરતનુ પાઈ વિષય મન દેહીં । પલટિ સુધા તે સઠ વિષ લેહીં ॥*

**ઉપરોક્ત ઉત્તરકાંડમાંથી લેવામાં આવેલ છે.**

**આ માન્ય શરીર મળ્યું છે, તે વિષયભોગ માટે નહિ, વિષયનું સુખ એક ઘડી પૂરતું સ્વર્ગ જેવું છે અને અંતે તો દુઃખ, દુઃખ અને દુઃખ જ છે. માનવ શરીર પામ્યાં છતાં જે મનુષ્ય વિષયો પાછળ જ લાગી રહરે છે, તે મનુષ્ય તો અમૃત આપી તેના બદલામાં વિષ લઈ રહ્યો છે.**

**ઈશ્વરે કેટલાય જન્મો પછી આત્માના પુણ્યકાર્યને પરિણામે માનવદેહ આપ્યો. માનવી સાચાં-ખોટાંનો વિચાર-વિવેક કરી શકે છે પુમ્ય કમાઈ શકે છે, પરંતુ માનવી દેહ અને મનનો ઉપયોગ ઉપભોગ માટે કરી ફરી 'ચૌર્યાસી' ના ચક્કરમાં પડે છે.**

### સુવિચાર

- અપની ભુજાઓં કી શક્તિ પર યકીન ન હોને પર ઈંસાન હથેલિયોં મેં અપના ભવિષ્ય ઢૂંઢતા હૈ - **ઓશો**
- ચાલ સંબંધોને પોલિયો મુકત કરીએ, બે ટીપાં વિશ્વાસ ના પીવડાવીએ - **એસ. ભટ્ટાચાર્ય**
- એક કડવું સત્ય - લોકો ચાહે છે કે તમે આગળ વધો, પણ તેમનાથી આગળ નહીં - **મુંબઈ સમાચાર**
- જો તમે નારિયેળીના વૃક્ષનાં ચરણોમાં પાણી રેડશો,
  તો તમને એના માથા પાસેથી નારિયેળ પાણી તો મળશે જ - **શ્રીલંકન કહેવત**
- પ્રામાણિક ડૉકટર અડધો સાધુ ગણાય અને પ્રસન્ન નર્સ અડધી સાધ્વી ગણાય - **અમૃતબિંદુ**
- મંદિરો અને ગુંચવાડા ભરેલી ફિલસૂફીની મારે કોઈ જરૂર નથી, મારૂ શુદ્ધ હૃદય અને મારું શાંત મગજ એ બંને મારા મંદિરો છે અને જીવમાત્ર પ્રત્યે કરુણા અને અનુકંપા મારી ફિલસૂફી છે - **દલાઈલામા**
- આજનું ઔષધ : બટેટા બાફી તેની પેસ્ટ સહેજ ગરમ હોય ત્યારે ખરજવા ઉપર બાંધવાથી ખંજવાળ મટે છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

નાના માણસની સેવા પણ 'મહાન' હોય છે એની કદર અને પ્રશંસા થવાં જ જોઈએ. એમાં જ સાચી મોટાઈ છે.

માઈકલ એંજેલો મહાન શિલ્પી તેમને ૩૦ વર્ષ સુધી સતત મદદમાં રહ્યા તે અરબીનો. અરબીનો પણ શિલ્પકળામાં નિષ્ણાંત હતા. અરબીનો અચાનક બીમાર પડ્યા અને મૃત્યુ ખુબ નજીક હતું તે દરમિયાન માઈકલ ખુદ અરબીનોની સેવા-સુશ્રુષા કરતા. જાતે દવા પીવડાવતા અને શિલ્પનું કામ પણ બાજુએ મૂકી અરબીનો પાસે જ રહેતા. અરબીનો એ માઈકલ અંજેલોને કહ્યું, 'આપ આવડા મોટા કલાકાર થઈને ખડેપગે મારી સેવા કરો છો, આ ઋણ હું કેવી રીતે ચૂકવી શકીશ.' ત્યારે એંજેલો એ કહ્યું, 'ભાઈ તેં પણ મારી સતત ૩૦ વર્ષ ખડે પગે સેવા કરી છે, તેની સામે આ સેવા તો સુક્ષ્મ છે, ઋણ તો મારે ચૂકાવવાનું બાકી રહે છે, અને આ ઋણ હું કેવી રીતે ચૂકવીશ.'

અરબીના મૃત્યુ પછી માઈકલ એંજેલોએ પોતાના વફાદાર સેવકનું એક સુંદર ચિત્ર દોર્યું અને આ ચિત્ર વિશ્વના ઉત્તમ કલાના નમૂના તરીકે જગવિખ્યાત થયું. એક નોકર પ્રત્યે માલિકની ઉદારતાનો આ શ્રેષ્ઠ નમૂનો ગણી શકાય. પોતાના વફાદાર સાથીનું ઋણ આમ ચૂકવી શકાય એવો સંદેશો માઈકલ એંજેલોએ વિશ્વને આપ્યો છે.

# કોંગ્રેસ માટે આશાનું કિરણ

**તંત્રીસ્થાનેથી...**

દેડિયાપાડાની વિશાળ આદિવાસી રેલી જોઈને ભરૂચમાંથી વર્ષો પૂર્વે લોકસભાની ચૂંટણી જીતીને દિલ્હી દરબારમાં પહોંચેલા અને છેલ્લી ચાર ટર્મથી રાજયસભા શોભાવતા કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા અહમદ પટેલના હૈયે આનંદનો ઓઘ ઊછળે તે સમજી શકાય, પરંતુ એમણે તો ભારતીય જનતા પાર્ટીના પરાજયનો પ્રારંભ પણ ગુજરાતની આગામી વિધાનસભાની ચૂંટણી સાથે થવાનો છે એવી આગાહી કરીને ખુદ પોતાના અને રાહુલ ગાંધીના વજૂદના લિટમસ ટેસ્ટ તરીકે આગામી ચૂંટણી પર સિક્કો મારી દીધો છે. આખા દેશમાં કોંગ્રેસનો સફાયો કરવાની કટ્ટર પ્રતિજ્ઞાપૂર્વક મોદી-શાહની જોડીએ છેલ્લાં બે વર્ષ દરમિયાન એમની પોતાની અપેક્ષા કરતાં પણ વધુ સારો દેખાવ કરીને પાર્ટી તેમજ પ્રજા ઉપરાંત દુનિયામાં ડંકો વગાડી દીધો છે ત્યારે કોંગ્રેસ માટે હવે પછીનો તબક્કો 'કરેંગે યા મરેંગે' જેવાં કેસરિયાં કરવાનો જ બાકી રહે છે. રાહુલ ગાંધી માટે તો હવે પાર્ટી પરિવેશમાં પણ વિશ્વાસનીયતા અને નેતૃત્વ ક્ષમતાની કટોકટી સરજાઈ રહી છે. એ જુદી વાત છે કે પાર્ટીમાં એ પરિવાર સામે બળવો કરવાનું તો કૌવત બચ્યું જ નથી, બલકે જે બળવાની ભાષામાં વાત કરે છે એને તાબડતોબ દરવાજો દેખાડી દઈ ગાંધી-નહેરુ પરિવારનો જ જયજયકાર બોલાવાતો રહ્યો છે. અગાઉ શરદ પવાર અને હમણાં એસ.એમ. કૃષ્ણા કે નારાયણ રાણે જેવા શક્તિશાળી નેતાઓ રાહુલ-સોનિયાના નેતૃત્વથી નારાજ થઈ શાસક ભારતીય જનતા પાર્ટીના પડખે ભરાયા અથવા પોતાની પ્રાદેશિક પાર્ટી બનાવી વજૂદવિહોણા બની ગયા છે. શરદ પવાર જેવા કદાવર નેતા કોંગ્રેસમાં રહ્યા હોત તો એની આવી દુર્દશા ન થઈ હોત. મમતા બેનરજીને પણ નાછૂટકે 'ગ્રાસરૂટ' કોંગ્રેસી કાર્યકરોની પ્રાદેશિક પાર્ટી બનાવી પોતાનું કાર્યક્ષેત્ર પશ્ચિમ બંગ પૂરતું સીમિત કરી દેવું પડ્યું. આજે કોઈ પણ કોંગ્રેસી નેતા કરતાં મોદી સામે મોટો પડકાર મમતાએ ઊભો કરેલ છે અને તમામ પ્રકારની રાજનીતિ તથા કૂટનીતિ પછી પણ મોદી-શાહની વિજય જોડી મમતાને નમાવી શકી નથી. કોંગ્રેસે રાષ્ટ્રીય સ્તરે કમબેક કરવું હશે તો આવા વિખેરાઈ ગયેલા શક્તિશાળી નેતાઓને સામા પગલે જઈ આદરપૂર્વક કોંગ્રેસની સાથે જોતરવાનો પ્રયાસ કરવો પડશે. દેડિયાપાડાની જનસભા એટલો સધિયારો જરૂર આપે છે કે કોંગ્રેસ 'ભાંગ્યું ભાગ્યું તોય ભરૂચ' છે. યોગાનુયોગ દેડિયાપાડા ભરૂચ પંથકનું જ આદિવાસી ક્ષેત્ર છે. આજકાલ ભારતીય જનતા પાર્ટીએ એનું વિશેષ ધ્યાન આદિવાસી વિસ્તારો પર કેન્દ્રીત કર્યું છે ત્યારે કોંગ્રેસે અહીં એનું શક્તિપ્રદર્શન કરી મોદી-શાહની દેશને કોંગ્રેસમુક્ત કરવાની પ્રતિજ્ઞા સામે પડકાર તો ઊભો કર્યો જ છે. રાહુલ ગાંધી નિખાલસ હૃદયના યુવાન નેતા છે. એમને પોતાની નબળાઈનો એકરાર કરવામાં કશો સંકોચ નથી થતો. ગુજરાત કોંગ્રેસમાં નેતૃત્વ મુદ્દે જે દ્વંદ્વયુદ્ધ ચાલી રહ્યું છે તેની સામે એમણે સૂચક વિધાન કર્યું છે. ગુજરાતમાં કોંગ્રેસની સરકાર બનશે તો તે કોઈ એકલદોકલ નેતાની નહીં બલકે 'સબકી' - બધાની સરકાર હશે, તેણ જણાવી એમને સત્તા માટે ઝઝૂમતા નેતાઓને પણ આડકતરી ચીમકી આપી જ દીધી છે. એ સાથે કોંગ્રેસ પાર્ટીનું માર્કેટિંગ નબળું હોવાની નિખાલસ કબૂલાત કરીને એમણે મોદી માર્કેટિંગના જોરે જીતતા હોવાનો સ્વીકાર પણ કરી દીધો છે. ગુજરાતની પ્રજા પ્રગતિશીલ છે અને એની પાસે જે શક્તિ છે તે દેશના અન્ય કોઈ પાસે નથી, એવો એકરાર પણ રાહુલ ગાંધીની નિખાલસતાનો જ દ્યોતક છે. વળી ગુજરાતને 'વાઈબ્રંટ' નું લેબલ લગાડી દસ પંદર મોટા માથાં જ એનો તમામ લાભ અંકે કરી રહ્યાં હોવાની એમની રજૂઆતમાં પણ પ્રજાને વજૂદ વરતાય તો નવાઈ નહીં. કોંગ્રેસ માટે ગુજરાત શુકનિયાળ પુરવાર થઈ શકે, હા, એ માટે એમની નેતાગીરીએ વેળાસર સરખું 'મેનેજમેન્ટ' તો કરવું જ પડે!

# આખરે ફૂલના હારની વ્યવસ્થા કયાંથી થઈ?



**નવાં કલેવર**

નટવર હેડાઉ

બાગબગીચા, રસ્તાની બંને બાજુ સુંદર હરિયાળી, નદી કિનારે, પુરાતન સ્થાપત્ય ધરાવતો કિલ્લો, મહાનગરની નજીકમાં આવું લોકેશન મળે તો ફિલ્મોના શૂટીંગ અહીં જ થાય તેમાં કંઈ નવાઈ ન કહેવાય.

છેલ્લા બે દિવસથી અહીં કોઈ ફિલ્મનું શૂટીંગ થઈ રહ્યું હતું. કેમેરા, લાઈટીંગ વિવિધ પોપર્ટી સાથે કલાકારોની ચમકતી કારોની અવરજવર હતી.

ફિલ્મ નિર્દેશક વાસન પોતાના કામમાં ખુબ ચોક્કસ અને સમય જાળવવામાં ખુબ પાક્કા, નિયમિત અને શિસ્તપ્રિય વ્યક્તિ હતા. કામમાં જીવ રેડી દેતા. જ્યાં સુધી કોઈ શોર્ટ પુરી રીતે પરફેક્ટ ન થાય ત્યાં સુધી તેમને ચેન પડતું નહીં. પહેલી નજરે એ પારખી લેતા કે ફલાણો માણસ આપણી ટીમમાં ફિટ બેસસે કે નહીં? તેમના માર્ગદર્શનમાં દરેક માણસ ખરો સાબિત થાય બહુ ખ્યાતિપ્રાપ્ત કલાકારો વાસન સાથે કામ કરવા તરસતા પણ વાસનની સફળતાનો તમામ દારોમદાર એક યુવા સહાયક પર હતો. ફિલિપ વાસનની નસ નસનો જાણકાર હતો. તેને કયારે શું જોઈએ તે તેના ચહેરા પર ના હાવભાવ જોઈને સમજી જતો. કોણ જામે તે કંઈ માટીનો બનેલો હતો. બસ મોંમાંથી શબ્દ નીકળાવો જોઈએ. ફલાણી પ્રોપર્ટી જોઈએ. પળવારમાં તે ચીજ હાજર થઈ જતી.

એકવારની વાત છે. રાતનો દોઢ વાગ્યાનો સમય થયો હતો. બધા કલાકારો કામ કરવાના મુડમાં હતા. નિર્દેશક વાસને નિર્દેશ આપ્યો.

'ફિલિપ, લગ્નનો શોર્ટ રેડી કરો.'

'યસ સર' કહીને ફિલિપ બહાર નીકળી ગયો.

શોર્ટનું દ્રશ્ય કંઈક એવું હતું. નદી કિનારે મંદિર છે ત્યાં નાયક નાયિકા મળે છે. એક બીજાને ફૂલના હાર પહેરાવી લગ્નના બંધનમાં બંધાય છે.

બીજા સહાયક નિર્દેશકે બૂમ પાડી. 'અત્યારે લગ્ન માટે ફૂલના હારની વ્યવસ્થા કયાંથી થશે? દુકાનો તો કયારની બંધ થઈ ગઈ છે.'

આ તરફ વાસન સાહેબ કલાકારોને સીન સમજાવવામાં લાગી ગયા. તેમને ફિલિપની કાર્યશૈલીમાં પૂરો વિશ્વાસ હતો. લગભગ અડદા કલાકે ફિલિપ ફૂલહાર ટોપલીમાં લઈ હાજર થયો. ટીમના બધા સભ્યોની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. તેમની અર્થસૂચક મુખ મુદ્રાઓ પૂછી રહી. આ વ્યવસ્થા કઈ રીતે થઈ ? ફિલિપે સૌને ચૂપ રહેવા જણાવ્યું?

લાઈટો ઝળહળવા લાગી, કેમેરામેન સજ્જ થઈ ગયા. નાયક-નાયિકા સજીધજીને મંદિરના લોકેશન પર આવતા વાસનની નિર્દેશ મુજબ સીનનું શૂટીંગ થવા લાગ્યું.

સૌના ચહેરા પર પ્રશ્નો હતા. જે ફિલિપ જોઈ શકતો હતો. તેણે કહ્યું, 'અરે ભઈ હું કંઈ ભાગી જવાનો નથી. થોડી ધીરજ ધરો, શોર્ટ પૂરો થઈ જવા દો પછી કહું છું.'

કલાકમાં લગ્નનો શોર્ટ સારી રીતે પતી ગયો. ટીમના બધા સભ્યો જયાં જગ્યા મળી ત્યાં બેસી આરામ કરવા લાગ્યા. ચ્હા આવી ગઈ. આજે તો ખુદ વાસન સાહેબ પણ જાણવા ઉત્સુક હતા કે ફૂલના હારની વ્યવસ્થા કઈ રીતે થઈ? ફિલિપ નીચી મૂંડી કરી અપરાધ ભાવે ઉભો હતો.

'જવા દો ને સર, જાણશો તો નારાજ થઈ જશો.'

સૌ કોઈએ જાણવાની જીદ કરી. ત્યારે છેવટે ફિલિપે રહસ્ય ખોલ્યું.

ફૂલના હાર તે નજીકના સ્મશાનમાંથી ઉઠાવી લાવ્યો હતો.

આ સાંભળી ટીમના સૌ સભ્યોના મોં પર વિસ્મય ફેલાઈ ગયું.

# સ્વયંને ચાહો તો જ અન્યને ચાહી શકો



**ગુલમહોર**

દિનેશ દેસાઈ

આયરિશ કવિ અને નવલકથાકાર જેમ્સ્ જોયસ્ (૧૮૮૨-૧૯૪૧) કહે છે કે ''હૃદયની પવિત્ર લાગણીઓને વ્યક્ત કરતો ઈશ્વરીય અભિગમ એટલે પ્રેમ. એમાં કોઈ દંભ કે કપટને સ્થાન હોઈ શકે નહીં. પ્રેમમાં કોઈ છેતરામણી ચાલી શકે નહીં અને એવી કપટનીતિ હોય ત્યાં પ્રેમ હોય જ નહીં.''

જેમ્સ્ જોયસ્ માનવીય સંબંધોના તાણાવાણા ઉપર બારીકાઈથી કલમ ચલાવી છે. ''ધ ડેડ '' અને ''ધ સિસ્ટર્સ'' તેમના ધ્યાનપાત્ર વાર્તાસંગ્રહ છે. સંબંધનું ન હોવું એ કોઈ સમસ્યા છે જ નહીં. કોઈ સાથે સંબંધમાં પૂર્ણવિરામ મૂકાઈ ગયું હોય ત્યારે એથી પછી કોઈ તકલીફ પડતી નથી. પરંતુ સંબંધ હોવા છતા પણ સંબંધ હોવાનો અહેસાસ ન થઈ રહ્યો હોય તે બાબત ખુબ જ તકલીફદાયક હોય છે.

> *ભગવાન બુદ્ધ કહે છે કે તમે સ્વયંમાં સૌપ્રથમ સભર બની જાઓ, પછી જ તમે કોઈ અન્યને ભરપુર ચાહી શકશો, તમે સૌપ્રથમ તમારામાં ઓતપ્રોત બની જાઓ, તમે સૌપ્રથમ તમને, પોતાની જાતને જ પ્રેમ કરો ને, ભગવાન બુદ્ધે કહ્યું છે કે ''આપ્પદીપ ભવ:'' એટલે કે ''તું જ તારો દીવો થા.''*

જ્યારે તમે કોઈને પ્રેમ આપો છો તો એનો અર્થ એ થયો કે તમારી ભીતર પણ પ્રેમ છે. તમારા માંહ્યલામાં પ્રેમ હોવો જોઈએ અને તો જ તમે કોઈને પ્રેમ આપી શકો. જે કશુંક તમારી પાસે હોય તે જ તમે કોઈને આપી શકો ને? કેમ કે જે તમારી પાસે જ ન હોય તો એ તમે કોઈને કેવી રીતે આપી શકો?

ભગવાન બુદ્ધ કહે છે કે તમે સ્વયંમાં સૌપ્રથમ સભર બની જાઓ. પછી જ તમે કોઈ અન્યને ભરપુર ચાહી શકશો. તમે સૌપ્રથમ તમારામાં ઓતપ્રોત બની જાઓ. તમે સૌપ્રથમ તમને, પોતાની જાતને જ પ્રેમ કરો ને. ભગવાન બુદ્ધે કહ્યું છે કે ''આપ્પદીપ ભવ:'' એટલે કે ''તું જ તારો દીવો થા.'' આમ પ્રેમ તમને અધ્યાત્મ પણ શીખવે છે.

મૂળ વાત એટલી જ કે તમે તમારી ભીતર પ્રેમ પ્રગટાવો. તમે સૌપ્રથમ તમારી જાતને ચાહો અને પછી કોઈ અન્યને ચાહો. દરેકની જિંદગીમાં ખરેખર તો એવું બનતું હોય છે કે બીજાને ચાહવાની લગનીમાં આપણે આપણી જાતને – સ્વયંને ચાહવાનું જ ભુલી જતા હોઈએ છીએ.

''સ્વ''ને ચાહવું એટલે શું? આપણે કોઈ અન્ય વ્યક્તિને પ્રેમ કરતા હોઈએ ત્યારે આપણે સ્વયંને ખુદ નજરઅંદાજ કરી દઈએ છીએ. પોતાને પોતાની નજરમાંથી ક્યારેય નીચા પાડવા દેશો નહીં. પોતાના વિશે હંમેશા ઊંચ્ચ અને આદરપાત્ર વિચારો જ રાખો. પોતાનો જો કોઈ અનાદર કરે કે નીચા પાડવા પ્રયાસ કરે તેવી વ્યક્તિને તમારાથી દૂર કરી દો અને એને નજીક પણ ન આવવા દો. જે લોકો તમારા વિશે નકારાત્મક વલણ રાખે તેની સાથે પણ તમારે અંતર રાખવું જોઈએ.

આપણે આપણી જાતને ચાહવા માટે આપણી પસંદ-નાપસંદ, ગમા-અણગમાનો ખ્યાલ ખુદ પોતે જ રાખવો. તમારી કાળજી અન્ય લોકો લેશે એવી રાહ જોવાના બદલે તમને જે ગમે તે જ કાર્ય તમે પસંદ કરો. તમને જે ખાવા-પીવાનું કે ફરવાનું ગમે એ જ તમે કરો. તમારી રંગોની પસંદગી, તમારું ગમતું ભોજન, તમારા વસ્ત્રોની પસંદગી વગેરે ઉપર કોઈ અન્ય વ્યક્તિને હાવી થવા દેશો નહીં. કોઈ વ્યક્તિ તેના વિચારો તમારા ઉપર લાદી દે એવી ગુલામી અવસ્થા ક્યારેય આવવા દેવી નહીં.

પોતાની જાતને પ્રેમ કરવા માટે એ પણ જરુરી છે કે તમે બીજા લોકો શું કહેશે, એવો ખ્યાલ જ મનમાંથી કાઢી નાખો. તમને જે સારું લાગે એ જ તમે કરો. બીજાના અભિપ્રાય, સલાહ અને બીજા લોકોની સંમતિ માગવાનું બંધ કરી દો. કોઈને સારું લાગે એવું કરવું, એમ નહીં, પરંતુ પોતાને સારું લાગે એવું જ હંમેશા કરવું. ભુતકાળ ભુલી જવો એ સારી બાબત છે પરંતુ ભુતકાળની ભુલોમાંથી તમારે કંઈકને કંઈક જરુર શીખવું જોઈએ.

તમને જે કાર્ય કરવાથી ખુશી મળતી હોય તે કાર્ય કોઈની પણ પરવા કર્યા વિના અવશ્ય કરો. પ્રત્યેક પળે તમારા અંતરાત્માનો અવાજ સાંભળો અને અંતરાત્માના અવાજને અનુસરો. પોતાની જાતને જે કાર્ય કે બાબત સારાં ન લાગે તે ક્યારેય ન કરો. હંમેશા આત્મવિશ્વાસથી છલોછલ રહો. છેલ્લે મહત્વની બાબત એ જ કે તમે સૌપ્રથમ તમારી જાતને પ્રેમ કરવા લાગશો એ પછી જ તમે કોઈ અન્ય વ્યક્તિને પ્રેમ કરી શકશો, પ્રેમ આપી શકશો.

**સ્ટોપર :**

**''ફિર વહી દિલ કી ગુજારિશ, ફિર વહી ઉન કા ગુરુર,**
**ફિર વહી ઉન કી શરારત, ફિર વહી મેરા કસુર''**

# પંખીનો માળો..!! એક પંખી ઉપાડીને સળી, રોજ કરે છે માળો... એક માણસ કરીને સળી, રોજ પીંખે છે માળો..!!



**Hello ફ્રેન્ડસ**

સંજય થોરાત

''બોલો બેન, ખાલી છાંટવાનું છે કે બધું જ કાપી નાખું ? ઝાડ પર ચઢેલ કઠિયારાએ મને પૂછ્યું.

''અરે, તું તારે બધુ જ વાઢી નાખ.... ખાલી થડ રહેવા દેજે. એકતો વરસાદ-પાણીના દિવસો.. ને મચ્છરોનો ત્રાસ થઈ ગયો છે.'' હું કંટાળેલા શબ્દોમાં બોલી.

''પણ મમ્મી... એમાં કેટલા બધા પક્ષીઓ રોજ આવે છે, તને ખબર છે! વરસાદ પડે ત્યારે એ લોકો અહીં જ આશરો લે છે. અને પેલા બે કબૂતર તો આખો દિવસ અહીં જ હોય છે. એમાં એમણે માળો બનાવ્યો છે. આ ઝાડ એમનું ઘર છે મમ્મી.... એને કાપીશું તો એ લોકો બિચારા ક્યાં જશે?''



મારી છ વર્ષની દીકરી અચંબા ભર્યા શબ્દોએ બોલી ઉઠી.

''તું છાની રહે... જોયું નહીં આ મચ્છરોથી જ તને તાવ આવ્યો. તારા માટે કરીને જ કપાવું છું આને.''

મેં ય નક્કી કર્યું હોય એમ એ દિવસે એકની બે ન થઈ અને ઝાડને ઉપરથી આખું જ વઢાવી નાખ્યું. ''હાશ.... હવે જો અજવાળુય કેટલું વધી ગયું..ને બર્યું ચોખ્ખું તો ખરૂ, અરે સાંજ પડેને બારણા ખુલ્લા જ ના રખાય – એવો ત્રાસ થઈ ગયો હતો.'' મેં દીકરીને કહ્યું. પણ એની નજર તો નીચે પટકાયેલી ઝાડની ડાળીઓમાં જ હતી. એનું મન પેલા કબૂતરના જોડા માટે વિચલીત થઈ ગયું હતું. હું એની લાગણીને સમજી શકતી હતી પણ મેં ય મારા બાળકને રોગથી બચાવવા માટે જ આવું પગલું ભર્યું હતું.

સાંજ પડતાં જ બંને કબૂતર આવ્યા. તેમનો માળો નહીં પામીને તેઓના વર્તાવ જોઈ હું નવાઈ પામી. અજંપાભરી તેમની એકથી બીજા ઠેકાણેની ઉડાન હવે મને સમજાતી હતી. પણ થાય શું ? હવે તો માત્ર થડ જ રહ્યું હતું. આસપાસમાં બીજું કોઈ એવું ઝાડ પણ નહોતું કે તેઓ આશરો લઈ શકે. મારું માનવસહજ મન થોડીક વાર માટે વિચલીત થઈને પાછું મારા કામમાં વળી ગયું.

બીજા દિવસે સવારે દીકરી ખુશખુશાલ થઈને કહેવા લાગી, ''મમ્મી, જો પેલા બંને કબૂતર હવે આપણી બારીના છજ્જા પર રહેવા લાગ્યા.'' અને ખરેખર... દિવસ આખો ફર્યા કરે પછી સાંજ પડે એટલે બંને પાછા મારા ઘરની બારીએ આવી જાય. જો કે મેંય બહુ વાંધોના ઉઠાવ્યો. ઘણી વાર એમને જોઈને હું વિચારતી; ''આ લોકોને ય સંસાર જેવું તો છે જ ને! નહીં તો કેમ આ બંને કબૂતર કાયમ સાથે જ હોય. કાલ ઉઠીને બચ્ચાંય થશે.... પણ રાખશે ક્યાં?'' મનમાં ને મનમાં ઘણીવાર હું મારા કર્યા પર અફસોસ કરતી, પણ એય પાછું થોડીક વાર માટે જ.

દિવસો વિત્યા એમ એ કબૂતરો જાણે ત્રાસ વર્તાવવા લાગ્યા. દરરોજ એકાદ ઈંડું છજ્જા પરથી નીચે પટકાય. તીવ્ર વાસ અને સફાઈની ચિતરી સામે હું અકળાઈ ઉઠતી. પાંચ-સાત ઈંડા ફૂટી ગયા પછી માંડ એકાદ માંથી વળી બચ્ચું જનમ્યું. મારી દીકરી ફરીથી હરખાઈ ઉઠી. દરરોજ આવતાં-જતાં એ પેલા બચ્ચાને જોયા કરતી. કંટાળો તો અત્યારે પણ મને આવ્યો જ, પણ દીકરીની ખુશી સામે હું ચૂપ રહી. એક દિવસ અચાનક તે ખૂબ રડી. પૂછવા પર ખબર પડી કે એક બિલાડી પેલા બચ્ચાને લઈ ગઈ. આ વખતે પેલા કબૂતરોનો અજંપો જાણે જોવાતો નહોતો. પોતાના બચ્ચાંને તેઓ આસપાસના દરેક ઘરના છજ્જા, ધાબા પર અને ઉંચે ઉડી ઉડીને શોધી આવ્યા. થોડીક નવી ફૂટેલી પેલા ઝાડની ડાળીઓ પર પણ જોયું... પણ શું વળે ? સાંજ પડ્યે પાછા બંને પેલા છજ્જા પર આવીને ગોઠવાયા. તેઓની મૂંગી વેદના જાણે ચીસો પાડી રહી હતી. નવી લહેરાતી ડાળીઓને બંને એકીટસે જોયા કરતાં...જાણે એકબીજાને આશ્વાસન આપતા હોય; ''કાલ આ ઝાડ ઘટાદાર થશે ને ફરીથી આપણે સંસાર માંડીશું.''

> *પક્ષી બનાવે માળો, માનવી પણ બનાવે બંગલો, તો પછી એ બે માં ભેદ શું ?*
> *પક્ષી પ્રતિવર્ષ બનાવે નવો માળો, માનવીની એ તાકાત નહીં..!*
> *પક્ષી પ્રેમથી બચ્ચાં જણે; માનવીનો પણ એજ ક્રમ, તો પછી એ બે માં ભેદ શું ?*
> *પાંખો ફૂટે,પક્ષી બંધનમુક્ત થાય, માનવીની એ તાકાત નહીં..!*

બે-ત્રણ દિવસોમાં તેઓ પોતાની દિનચર્યા મુજબ જ વર્તવા લાગ્યા. મારી બારીના છજ્જા પર તેઓ માળો બનાવવાનો નાહક પ્રયાસ કરતા રહેતા. રોજ સળીઓ અને ડાળખીઓનો કચરો ઘરમાં થતો. તેઓના કારણે ઉદભવતી ગંદકીના કારણે વળી મેં એક નિર્ણય કર્યો. બારીના એ છજ્જા પર મેં એક કાંટાળી કારપેટ લગાવી દીધી. સાંજે જ્યારે તેઓ પાછા આવ્યા ત્યારે ટેવ મુજબ છજ્જા પર બેસવા ગયા અને પેલી કારપેટના લીધે પગ ઘવાયા. થોડીક વાર ત્યાં જ ફફડાટ કર્યા કર્યો પણ પછી તેઓ સમજી ગયા કે હવે આ ઘર પણ છીનવાઈ જ ગયું. તેમણે આવવાનું બંધ કર્યું અને સામેના ઘરની બારી પર જઈને વસવાટ કર્યો. હું મનોમન ખુશ થઈ.... જાણે મોટી પળોજણ ટળી. પણ જાણે કેમ મને એવું થયા કરતું કે આ કબૂતરો મને માફ નહીં કરે. મનના એક ખૂણે હું મારો ગુનો કબૂલતી હતી.

બીજા જ દિવસે સરકાર તરફથી ઘરે પત્ર આવ્યો;

''શહેરી વિકાસકરણ યોજના હેઠળ રસ્તાઓ પહોળા કરવાના હોવાથી આપનું મકાન કપાતમાં જાય છે. છ મહિનાની સમય અવધિમાં આપને મકાન ખાલી કરી આપવા માટેનું ફરમાન છે.''

મારા પગ નીચેથી જાણે જમીન સરકી ગઈ. ''અરે...આમ અચાનક તો ઘર છોડીને કેમનું જવાય! કેટલી મહેનતે ઉભું કર્યું હોય ને કોક આમ ઓચિંતાનું જ ઘર તોડી નાખે!'' મારી વ્યાકૂળતા વધતી ગઈ.

સમય પણ પવનની જેમ વહેવા લાગ્યો. ખૂબ મહેનતે બીજું ઘર શોધ્યું. પણ આના જેવું તો નહીં જ, નિયત સમયે અમારો સામાન ખટારામાં ભરાવા લાગ્યો. જવાનો દિવસ પણ આવી જ પહોંચ્યો. ઘરને છોડીને જતાં છેલ્લી નજરે હું ધ્યાનથી હું તેના બારી-બારણાં, ઓટલો બધું જોઈ રહી હતી. એક નજર પેલા ઝાડ પર પણ ગઈ જ. હવે તો એય પાછું ભરાવદાર થઈ રહ્યું હતું. તેમાં બનાવેલ માળા માંથી બંને કબૂતર મને જોઈ રહ્યા હતા. ''એમનો તો પહેલા હતો એવો જ માળો ફરીથી બંધાઈ ગયો અને મારો.. રામ જાણે શું થશે!''

વિચારીને હું ભારે પગલે નીકળી પડી.

●●●

આ વાર્તાના લેખીકા પાર્મી દેસાઈ છે. મન જોબન વાર્તા સ્પર્ધામાં આ કૃતિ 'માળો' પ્રથમ ક્રમાંકની વિજેતા કૃતિ રહીચૂકી છે. લેખન પ્રવૃત્તિમાં આગળ વધવાની ઝંખના ધરાવતાં પાર્મી દેસાઈ ગૃહિણી છે. જેમને લેખનનો શોખ છે. મોટેભાગે ટૂંકી વાર્તા, માઈક્રોફિકશન, આર્ટીકલ્સ અને ક્યારેક અચ્છાંદસ કવિતા લખે છે.એમનો અવાજ આર. જે. માટે એકદમ બંધ બેસતો છે. તેઓ ઘણીવાર એમની રચના રેકોર્ડ કરીને મુકે છે.

આ વાર્તા જેવો અફસોસ કે અનુભવ ઓછા વત્તા પ્રમાણમાં સૌને થતો જ હોય છે. નહીં? એક વાત જરૂર નોંધજો કે પંખી એનો માળો પણ ઘર પરિવારનો પ્રેમ જોઈને બાંધતો હોય છે, દરેકને ઘરે નહીં!

**ચૂંટલો :**

*''પક્ષી જે કરે એ માનવીની તાકાત નહીંપ''ની સ્પર્શી ગયેલી પંક્તિઓ*
*નિજ શિશુ કાજ પક્ષી કણ કણ ભેગા કરે, માનવી નો પણ એજ ક્રમ, તો પછી એ બે માં ભેદ શું ?*
*કણ પણ માળે શોધ્યો ના જડે, માનવીની એ તાકાત નહીં..!*
*પેટ કાજે પક્ષીઓ દેશાવર ઉડે, માનવીનો પણ એ જ ક્રમ, તો પછી એ બે માં ભેદ શું ?*
*કણ મળે સંતુષ્ટ પક્ષીઓ આનંદે ઝૂમે, માનવીની એ તાકાત નહીં..!*
*જીવનના અંતે પક્ષી મરે, માનવી પણ મૃત્યુથી ડરે, તો પછી એ બે માં ભેદ શું ?*
*પક્ષી મૃત્યુનો ક્યાંય કકળાટ નહીં, માનવીની એ તાકાત નહીં..!*